Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ



પોષ

પુસ્તક ૯૩ મુ

અંક ૩

૭મી જાન્યુ.

૧૯૭૭

પોષ

વીર

૨૫૦૩

વિક્રમ સંવત

૨૦૩૩

: પ્રગટ :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૯૫ મું :: વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત ૬-૫૦

## : अनुक्रमणिका :


| ક્રમ | લેખ | લેખક | પાના નં. |
|---|---|---|---|
| ૧. | સાંપ્રદાયિક સંબોધનો | હીરાલાલ ર. કાપડીયા | ૨ |
| ૨. | સત્ય અને અહિંસા | રતીલાલ માણેકચંદ શાહ | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૩/૬ |
| ૪. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | શરણાર્થી | ૧૧ |
| ૫. | રાજ પ્રસાદી | અમર | ૧૨ |
| ૬. | ધર્મમય જીવનાં લક્ષણો | આ. શ્રી અશોકચંદ્ર ડેલાવાળા | ૧૪ |
| ૭. | અહિંસા | ચતુરભુજ હરજીવનદાસ | ૧૬ |


# સાંપ્રદાયિક સંબોધનો

( લે : પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

'મનુષ્ય' એ બુદ્ધિશાળી પ્રાણી હોઇ એ જાતજાતના વિચારો કરી શકે છે અને તેને વ્યવસ્થિત રૂપ પણ આપી શકે છે. આમ હોઇ વિવિધ ધર્મો અને સંપ્રદાયો-ફિરકાઓ ઉદ્ભવ્યા છે, અને એકબીજાને ઓળખાવવા માટે પોતાને અન્ય ધાર્મિક મતવાળાથી જુદા જણાવવા માટે સંબોધનો પણ યોજાયા છે. કેટલાંકનો ઉપયોગ મિથ્યાભિનિવેશી જનોએ તિરસ્કારાર્થે કર્યો છે અને હજી પણ એવા જનો-ભલે ઓછા પણ કહે છે. આ દર્શાવતું એક પદ્ય પચાસેક વર્ષ ઉપર એક કૃતિમાં મારા વાંચવામાં આવ્યું હતું અને એને મેં સને ૧૯૩૨માં પ્રકાશિત **આર્હત દર્શન દીપિકા** નામની મારી કૃતિમાં પુ, ૪૯માં મેં સ્થાન આપ્યું હતું એ પદ્ય નિચે મુજબ છે.

ક્રમશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯ મુ
અંક ૩ જો

પોષ

વીર સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩

## વિશ્વ વંદ્ય

(મહીંડાના હાણ અમે નહી દઈ એ રે લોલ એ રાગ)

આહિંસા અવતાર કળજુગ રે લોલમાં
નિર્ભય કીડાનું મંદિર જો: વિશ્વ વંદ્ય છે મહાત્માં ગાંધીરે ૧
સત્ય મુર્તી જગ દીપ્તી રે લોલ.
તીર્થ સ્વરૂપ જન ધામ જોવિશ્વ. ૨
સ્વરાજ્ય રાય જગ વીચરે રે લોલ,
નીતીની યમની નીશાળ જો વિશ્વ. ૩
બ્રહ્મ સ્વરૂપ જગ ઝળહળે રે લોલ,
જીવન બ્રહ્મચર્ય જ્યોત જો વિશ્વ ૪
જગમોહન કર્મચંદ્રના રે લોલ,
અપરીગ્રહી સંસાર જો વિશ્વ ૫
પંચ યમ ધારી જગ પ્રેમના રે લોલ
આદર્શ ચતુર જીવન ધ્યેય જો વિશ્વ ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્ય અને અહિંસા

સંકલન : રતીલાલ માણેકચંદ શાહ

સત્ય અને અહિંસા આર્ય સંસ્કૃતિના પાયાના પ્રશ્નો છે. આર્ય સંસ્કૃતિ આ આદેશોના પાયાપર રચાયેલી છે. પ્રત્યેક ધર્મશાસ્ત્રોએ તેમજ સંતોએ આ વાતનું પ્રતિપાદન કરેલ છે કોઈપણ ધર્મશાસ્ત્રોએ તેમજ સતપુરૂષોએ હિંસા આચરવાનું કહ્યું જ નથી. તેઓએ તો કરૂણા, દયા, આર્યતા, વાત્સલ્યતા, પ્રેમ વિગેરે છે. છતાંપણ ઘણા લોકોએ પોતાની રસેંદ્રિયને પોષવા અને થોડા સ્વાર્થ ખાતર શાસ્ત્રો માહેના વચનોના અવળા અર્થો કરી હિંસા આચરવી જ ચાલુ રાખેલ જે ધર્મને કોઈપણ રીતે અનુરૂપ નથી. એટલુ જ નહિ પણ પ્રકાંડ પાપનું કારણ બને છે. એમ ધર્મશાસ્ત્રો તથા સંતો પોકારી પોકારીને કહે છે.

જે વ્યક્તિઓને અનાજનો જ (વેજીટેરીયન) ઉપયોગ કરવો છે તે ગમે તે ભોગે મેળવી જ લેવાનો છે તે ભુખે મરી જશે પણ બીજાના પ્રાણ લઇ પોતાનું પેટ નહિ ભરે, કારણ કે તે સમજે છે કે, મારા થોડા સ્વાર્થ ખાતર બીજાની જીંદગી નેસ્ત–નાબૂદ કરવાનો મને શો અધિકાર છે? કોને આપ્યો છે? અને તેને સસ્તુ પણ કેમ માની શકાય? કારણ કે એક પશુ પંખી કે પ્રાણીનો જાન લીધા બાદ કરોડો રૂપિયા ખર્ચવા છતાં પણ તેને જીવીત બનાવી શકાતું નથી. જેહુ આપી શકતો નથી તે કેમ લઇ શકું? અને મારા પેટને બીજાઓનો કલેવરોની કબર કેમ બનાવી શકું? આ માટે શાસ્ત્રોમાં એક હકીક્ત આવે છે જે નીચે મુજબ છે.

મગધ પતિ મહારાજા શ્રેણિક સભાભરીને બેઠા છે, પ્રત્યેક અમલદારો સભામાં ઉપસ્થિત છે, અવનવા પ્રશ્નો ચર્ચાય છે, તે દરમ્યાન એક પ્રશ્ન એ ઉપસ્થિત થયો કે સાંપ્રત કાળમાં અનાજ કરતાં માંસ સસ્તુ છે, આ વાતને અનુમોદન આપનારાસ-વિશેષ હતા. આ સભામાં અભયકુમાર પણ હાજર હતા, તેઓને લાગ્યું કે આ વાત બરાબર નથી. ધાન્ય કરતાં માંસ સસ્તુ હોઇ શકે જ નહિ. કારણ કે કોઇ પણ પ્રાણીનો ભોગ લીધા બાદ જ પ્રાપ્ય બને છે. પણ આ વાત અન્ય સભાસદોને માન્ય ન હતી. પોતે તેજસ્વી બુદ્ધિ ધરાવતા તેમજ સમયજ્ઞ હોવાથી તેઓએ વિચાર્યું કે અત્યારે આ વાત વધુ ચર્ચવી અસ્થાને ગણાય સમય પાકયે સિદ્ધ કરી બતાવવું.

સરકવા સાથે એક રાત્રિના બાર વાગે સહુથી અગ્રગણ્ય એવા અમલદારના ઘરે અભયકુમાર પહોંચી ગયા. અને કહ્યું કે હું અત્યારે રાજા શ્રેણિક પાસેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યુ છું. તેઓ બહુજ બિમાર થઇ ગયા છે. રાજવૈદ્યોને બોલાવવામાં આવ્યા હતા; તેઓએ કહ્યું કે કોઈપણ વ્યક્તિના કાળજા માહેનું માંસ તેઓને આપવામાં આવે તો તેઓ તુરત જ તંદુરસ્ત થઈ જાય. એટલે મને પ્રથમ વિચાર આપની પાસે ઉપસ્થિત થવાનો આવ્યો. કારણ કે તમો તેમના નીકટના હિત વાંચ્છુ. અમલદારોમાં અગ્રેસર તેમના શરીરનું રક્ષણ કરવામાં પરિપૂર્ણ વફાદાર છો. એટલે આ કામ આપનાથીજ પતી જશે. બીજે જવું નહિ પડે અને રાજાજીની તબિયત જલ્દી સારી થઇ જશે એટલે પહેલો તમારે ત્યાં આવ્યો છું. તો જેટલું જલ્દી આ કામ પતે તેટલું વધુ આવશ્યક ગણાય.

પેલા અમલદારે કહ્યું કે, તે કેમ બની શકે? તમે જ કહો. મારી બધી જ મિલ્કત લઇ જાવ, જો રાજા બચી જતા હોય તો આ પૈસા શું કરવાના છે? ખુશીથી લઇ જાવ અને તેનાથી બીજી કોઇ વ્યક્તિનું માંસ ખરીદી રાજાને આપો અને તેમને તંદુરસ્તી બક્ષો અભયકુમારે કહ્યું કે પૈસા તો રાજ્ય તીજોરીમાં વિપુલ પ્રમાણમાં છે. ફક્ત માણસના કાળજામાં હેતું થોડું માંસ જ જોઈએ અને આપ રાજાને વફાદાર હોવાથી તેમજ ઉમ્મર લાયક હોવાથી આપે આપના કાળજાના માંસનું પ્રદાન કરવું જોઈએ. છતાં ન આપી શકતા હોતો. એમ કરો તમારી પાસે રહેલું રાજ મુદ્રાનું ચિન્હ મને આપો. જેથી હું આપની પાસે આ કામ માટે આવી ગયો છું તેમ રાજાજીને જણાવી શકું એટલે પેલા અમલદારે રાજ્ય ચિન્હ અભયકુમારને આપ્યું.

આ પ્રમાણે રાતભર અભયકુમાર પ્રત્યેક અમલદારોના ઘરે ઘૂમી વળ્યા કોઇએ પણ પોતાના કાળજાનું માંસ આપવા ઉત્કંઠા ધરાવી નહિ. પ્રત્યેક અમલદારો પાસેથી રાજ ચિન્હ તેઓએ માંગી લીધું.

બીજે દિવસે સવારમાં રાજ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું પ્રત્યેક અમલદારો અભયકુમાર તથા રાજા શ્રેણિક આ સભામાં ઉપસ્થિત હતા. અભયકુમારે બોલતાં કહ્યું કે, આ સભા એટલા માટે બોલાવવામાં આવી છે કે, "માંસ સસ્તુ છે કે મોંઘુ" તેનું નિરાકરણ થઈ શકે પછી ક્રમાનુસાર રાજ મુદ્રા બતાવતા કહેવા લાગ્યા કે મહારાજા શ્રેણિક માટે થોડા માંસનું પ્રદાન કરવા હું પ્રત્યેક અમલદારોને ત્યાં ફરી વળ્યો છતાં કોઇએ પણ મને માંસ આપ્યું નહિ એટલું જ નહિ પણ તે સિવાય બધુ જ આપી દેવાની તૈયારી બતાવી ઘણા ઘણા પ્રલોભનો પણ મલ્યા કેવળ કાળજાનું માંસ જ નહિ આથી ફલિત થાય છે કે માંસ સસ્તુ નથી પણ પ્રત્યેક પ્રાણીને પોતાનું માંસ મોંઘુ છે તે ન ભુલવું જોઈએ. (જુઓ પાનું ૯ મું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાંથી

પોતાની પ્રિયાને જોઈ તત્કાળ પવનંજય સમુદ્રની જેમ દુઃખની ભરતીથી નિવૃત્ત થયો અને શોકાગ્નિ શાંત થવાથી તે અત્યંત ખુશી થયો. સર્વ વિદ્યાધરોએ વિદ્યાના સામર્થ્યથી ત્યાં આનંદસાગરમાં ચંદ્રરૂપ મોટો ઉત્સવ કર્યો. પછી તેઓ પોતાના વિમાનોથી આકાશને તારાવાળું કરતાં હર્ષથી હનુપુરમાં ગયા. મહેંદ્ર રાજા પણ માનસવેગા સહિત ત્યાં આવ્યો અને કેતુમતી દેવી તથા બીજા સર્વ સંબંધીઓ પણ ત્યાં આવી મળ્યા. એકબીજાના સંબંધી અને બંધુરૂપ ત્યાં મળેલા વિદ્યાધરોના રાજાઓએ પરસ્પર મળીને પૂર્વના ઉત્સવથી પણ અધિક ઉત્સવ કર્યો. પછી પરસ્પરની રજા લઇ સર્વે પોતપોતાના સ્થાને ગયા અને પવનંજય પોતાની પ્રિયા અંજના અને કુમાર હનુમાનની સાથે ત્યાં રહ્યો.

કુમાર હનુમાન પિતાના મનોરથોની સાથે મોટો થયો અને તેણે સર્વ કળા અને વિદ્યા સાધી લીધી. શેષનાગની જેવી લાંબી ભુજાવાળો, અસ્ત્રશાસ્ત્રમાં પ્રવીણ અને કાંતિવડે સૂર્ય જેવો હનુમાન અનુક્રમે યૌવનવયને પ્રાપ્ત થયો.

આ સમયમાં ક્રોધીઓમાં શ્રેષ્ઠ અને બળના પર્વત જેવો રાવણ સંધીમા કાંઇ દુષણ ઉત્પન કરીને વરૂણને જીતવા ચાલ્યો. દુતો મોકલીને તેડાવેલા વિદ્યાધરો વૈતાઢયગિરિના કટક જેવુ કટક તૈયાર કરીને ત્યાં જવા ચાલ્યા. પવનંજય અને પ્રતિસૂર્ય પણ ત્યાં જવાને તૈયાર થયા તે વખતે અવષ્ટંભ આપવામાં ગિરિ જેવો હનુમાન આ પ્રમાણે બોલ્યો કે– હે પિતાઓ ! તમે બંને અહી જ રહો, હું એકલો જ શત્રુઓને જીતી લઈશ. તીક્ષ્ણ હથિયાર પાસે હોવા છતાં બાહુથી કોણ યુદ્ધ કરે. હું બાળક છું એવું ધારી મારી ઉપર અનુકંપા લાવશો નહિ. કારણ કે આપણા કુળમાં જન્મેલા પુરુષોને પરાક્રમ બતાવવાનો અવસર આવે ત્યારે વયનું પ્રમાણ રહેતું નથી.' એવી રીતે કહી, અતિ આગ્રહથી તેમને રોકી પોતાને જવા માટે તેમની રજા મેળવી. તેઓએ જેના મસ્તક પર ચુંબન કરેલું છે એવા હનુમાને પ્રસ્થામંગળ કર્યું. એ દુર્વાર પરાક્રમી હનુમાન મોટા સામંતો, સેનાપતિઓ અને સેંકડો સૈનિકોથી પરવર્યો હતો. રાવણની છાવણીમાં આવ્યો. જાણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂર્તિમાન વિજય હોય એવા હનુમાનને આવતો અને પ્રણામ કરતો જોઈ રાવણે હર્ષથી તેને પોતાના ઉત્સંગમાં બેસાર્યો. પછી રાવણ વરુણની નગરી પાસે જઇ યુદ્ધ કરવા માટે ઊભો રહ્યો, એટલે વરુણ અને તેના પરાક્રમી સો પુત્રો યુદ્ધ કરવા માટે નીકળ્યા. વરુણના પુત્રો રાવણની સાથે યુદ્ધ કરવા લાગ્યા. અને વરુણ સુગ્રીવ વિગેરે વીરોની સાથે યુદ્ધ કરવા લાગ્યો. મોટા પરાક્રમી અને રાતા નેત્ર-વાળા વરુણના પુત્રોએ કુક્કરને જાતિવંત શ્વાન જેમ ખેદ પમાડે તેમ રાવણને યુદ્ધમાં મુંઝવી દીધો. તે સમયે ગજેંદ્રોની સામે કેશરીકિશોરોની જેમ ક્રોધથી દુર્ધર એવા દારુણ હનુમાને પશુઓની જેમ પોતાની વિદ્યાના સામર્થ્યથી વરુણના પુત્રોને બાંધી લીધા. તે જોઇ માર્ગમાં વૃક્ષોને હાથી ધ્રુજાવે તેમ સુગ્રીવ વિગેરે વીરોને કંપાવતો વરુણ ક્રોધથી હનુમાન તરફ દોડી આવ્યો બાણોની શ્રેણીને વર્ષાવતા રાવણે નદીના વેગને પર્વત રોકે તેમ વરુણને વચમાં જ સ્ખલિત કર્યો; તેથી જેમ વૃષભ સાથે વૃષભ અને હાથી સાથે હાથી લડે તેમ ક્રોધાંધ વરુણની સાથે રાવણે ઘણીવાર યુદ્ધ ચલાવ્યું. છેવટે છળને જાણનારા રાવણે સર્વ બળથી વરુણને આકુળવ્યાકુળ કરી ઉછળીને ઇંદ્રિને બાંધી લીધો હતો તેમ તેને બાંધી લીધો. 'સર્વ ઠેકાણે છળ બળવાન છે' પછી જય જય નાદથી દિશાઓના મુખને શબ્દાયમાન કરતો વિશાળ સ્કંધવાળો રાવણ પોતાની છાવણીમાં આવ્યો અને પુત્ર સહિત વશ થઇને રહેવા કબૂલ થયેલા વરુણ રાવણે છોડી મૂકયો. મહાત્માઓનો કોપ પ્રણિપાત સુધી જ હોય છે.

વરૂણે સત્યવતી નામની પોતાની પુત્રી હનુમાનને આપી, કેમકે 'પોતાની જાતે જેનું બળ જોયેલું છે એવો જમાતા મળવો દુર્લભ છે.

રાવણ ત્યાંથી લંકામાં આવ્યો અને ચંદ્રણખા (સૂર્પનખા)ની અનંગકુસુમા નામની પુત્રી તેણે હર્ષથી હનુમાનને આપી. સુગ્રીવે પદ્મરાગા, નળે હરિમાલિની અને બીજાઓએ પણ પોતાની હજારો દુહિતા હનુમાનને આપી. રાવણે હર્ષથી દૃઢ આલિંગન કરી વિદાય કરેલો પરાક્રમી હનુમાન હનુપુર ગયો અને બીજા પણ જે વાનરપતિ (સુગ્રીવ) વિગેરે વિદ્યાધરો હતા તે પણ હર્ષસહિત પોતપોતાના નગરે ગયા.

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નમસ્કાર
મહામંત્રના ઉપાસક
**શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી**
**ભોગીલાલ**
**મગનલાલ શાહનું**
તા. ૨૨-૧૨-૭૬ ના
રોજ થએલ દુઃખદ

# અવસાન



શ્રી ભાવનગર જૈન શ્વેતામ્બર મુર્તીપુજક તપા સંઘના તથા આપણી સભાના માજી પ્રમુખ શેઠશ્રી ભોગીલાલ મગનલાલ શાહનું નેવુવર્ષની વયે દુઃખદ અવસાન થતા અમો ઉંડા શોકની લાગણી અનુભવીયે છીએ સ્વર્ગસ્થનો જન્મ સંવત ૧૯૪૩નાં પોષ અમાવાસ્યાના રોજ હિસા ગામે થયેલો એમનુ મુળ વતન ઉત્તર ગુજરાત કલોલ પાસેનું ગામ ટીંટોડા શીક્ષણ ક્ષેત્રે તેઓ પાંચ અંગ્રેજી સુધી ભણેલ હતા. તેમણે વિરમગામની મિલના વીવીંગ ખાતામાં સંચા ચલાવવાની કામગીરીથી પોતાની વ્યવસાયી કારકીર્દીનો પ્રારંભ કરેલ. પોતાની હૈયાસુજ, મહેનત કરવાની નિષ્ઠા અને પ્રમાણીકતાને કારણે આગળ વધતા વધતા તેઓ મીલના મેનેજર બન્યા હતા. તેઓ ૧૯૩૦માં ભાવનગર આવ્યા હતા અને મહાલક્ષ્મી મીલનાં સર્જનનું કામ હાથ ધર્યું અને ૧૯૩૩માં મીલને કામ કરતી કરી ધીમે ધીમે તેઓ ધંધાકીય ક્ષેત્રે સ્થીર થતા ધીમે ધીમે સામાજીક ક્ષેત્રે લોક સેવાનાં કાર્યો હાથ ધર્યા. તે સીવાય ભાવનગર નાગરીક સહકારી બેન્કનાં ચેરમેન પદે તેઓ પૂરા વીસ વર્ષ રહેલા. કેળવણી ક્ષેત્રે પણ તેમને ઉંડી લાગણી હતી. જીથરી હોસ્પીતાલ પણ ઉભી કરવામાં તેમનો મહત્વનો ફાળો હતો તેમજ ભાવનગર, તળાજા અનેક જૈન સંસ્થા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓમાં જીવનનાં છેલ્લા સમય સુધી ઉંડો રસ લેતા રહ્યા હતા. શ્રી ભોગીભાઇ શેઠની વીદાયે. ભાવનગરે તેમજ એક જૈન સમાજે સુવર્ણ રત્ન ગુમાવેલ છે જેની ખોટ લાંબો વખત સાલે તેવી છે પરમ કૃપાળુ શાસનદેવ એમના આત્માને ચિરઃ શાન્તિ અર્પો એજ અભ્યર્થના વીરમીએ.

જાણીતા તત્વચિંતક

મનસુખલાલ તારાચંદ મેતાનું તા. ૨-૧૨-૭૬ને ગુરૂવારના રોજ મુંબઈ મુકામે થયેલ દુઃખદ અવસાનની નોંધ લેતા અમે ખૂબજ ઉંડા શોકની લાગણી અનુભવીયે છીએ. તેમના દેહવસાનથી જૈન સમાજને ન પૂરાય તેવી ખોટ પડી છે સ્વર્ગસ્થ આપણી સભાનાં આ જીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમનાં આત્માને પરમ શાન્તી અર્પો એજ અભ્યર્થનાં

સત્ય અને અહિંસા (૫ માં પાનાનું ચાલુ)

પ્રત્યેક પ્રાણીને પોતાનું માંસ મોંઘું જ લાગે. કારણ કે તેમાં પોતાનો ભોગ આપવો પડતો હોય છે. પણ આજે પોતાના પાળેલા, વફાદાર, નિર્દોષ, ગભરૂ, પરાધિન, નિર્બળ સેવા આપતા એવા પ્રાણીઓનું માંસ મેળવવું સુલભ લાગે છે જે આજની કરૂણતા છે, આ અટકાવવા શું કરવું જોઈએ? શું થઈ શકે? તે વિચારવાનો સમય પાકી ગયો છે.

જ્યારે આજની વિકટ અન્ન પરિસ્થિતિના સંદર્ભમાં ઉચ્ચસ્થાને બેઠેલ વ્યકિત ગૌમાંસ ખાવાની તેમજ તેનો પ્રચાર કરવાની વાતો કયાં મોઢે કરી શકે?

-: નોંધ :-

સંવત ૨૦૩૨ તથા ૨૦૩૩નું વાર્ષિક લવાજમ ઘણાં સભ્યો પાસે બાકી છે. તો વહેલી તકે સભામાં આવી આપનું લવાજમ ભરી જવા વિનંતી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વ. કુંવરજીભાઈ આણંદજીની પૂણ્યતિથિ નિમિત્તે



સંવત ૨૦૩૩ ના પોષ શુદ ૧૧ ને શનીવાર તા. ૧-૧-૭૭ના સ્વ. કુંવરજીભાઇ આણંદજીની બત્રીશમી સંવત્સરી દિન નિમિત્તે સભાના હોલમાં પ્રભુજી-પધરાવી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા શેઠ શ્રી છોટાલાલ નાનચંદ, જશકુંવરબેન કુંવરજી તથા શેઠ શ્રી પોપટલાલ સાકરચંદ તરફથી ભણાવવામાં આવશે તો સર્વે સભ્યોને પૂજામાં પધારવા આમંત્રણ છે.


**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ સરકારી નિયમ ૮ પ્રમાણે**
**"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** માસિકના સબંધના નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે

૧. પ્રસિદ્ધ સ્થળ : શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, કાંટાવાળો ડેલો-ભાવનગર

૨. પ્રસિદ્ધિક્રમ : દર અંગ્રેજી મહિનાની સાતમી તારીખે.

૩. મુદ્રકનું નામ : ગાંધી ફતેચંદ ખોડીદાસ, પ્રો. અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર
કયા દેશના—ભારતીય

૪. પ્રકાશકનું નામ : જયંતીલાલ મગનલાલ શાહ, ઠેકાણું શ્રી જૈન ધર્મપ્રસારક સભા
કયાં દેશના—ભારતીય.

૫. તંત્રીનું નામ ઉપર પ્રમાણે

૬. માસિકના માલિકનું નામ : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા**, કાંટાવાળો ડેલો-ભાવનગર.

હું જયંતીલાલ મગનલાલ શાહ, આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૭-૧-૭૭ **જયંતીલાલ મગનલાલ શાહ**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગને છોડી દે છે અને વિકાશનો માર્ગ અપનાવે છે. ક્ષણીક સુખને ત્યાગી દે છે. અને શાશ્વત સુખને અપનાવે છે ઇન્દ્રિય લોલુપતા ત્યાગે છે અને આત્માને શુદ્ધ કરનારો માર્ગ અપનાવે છે. આ જાતનો વિવેક સારાસાર સમજવાની વિવેક બુદ્ધિ ધર્મમય જીવનનું સાતમું લક્ષણ છે.

(૮) વિદ્યા:– ધર્મમય જીવનનું આઠમું લક્ષણ છે. વિદ્યા વિવેકવૃતિ વિદ્યા પર અવલંબે છે. વિદ્યા એટલે આજની શાળાઓમાં અપાતી કેલવણી નહિં પરંતુ મુકિત અપાવનારી કેળવણીનું નામ વિદ્યા છે. જે વિદ્યા વડે ધર્મ અને અધર્મ સમજી શકાય. જીવનનો ધ્યેય શું છે? માનવ નરમાંથી નારાયણ કેમ બની શકે? વગેરે બાબતોનું જ્ઞાન આપે તે જ ખરી વિદ્યા છે.

વિવેક શકિતને સચેત કરવા માટે આ જાતની વિદ્યા જરૂરી છે.

(૯) સત્ય:–ધર્મમય જીવનનું નવમું લક્ષણ છે.–સત્ય વિવેક અને વિદ્યાના આધારે માનવ સત્ય સમજી શકે છે. જે માનવી વિકાસ સાધવા ઇચ્છતો હોય તેણે સાંસારિક લાભો જતાં કરીને પણ સત્યનું આચરણ કરવું જોઇએ. કોઈ સમયે માનવ પાસે એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે. જ્યારે તેમણે કાં તો લાખો રૂપીયા જતાં કરવા પડે છે. અગર તો તેમણે સત્ય જતું કરવું પડે છે. જે માનવ ધર્મને વળગી રહેવા ઇચ્છતો હોય તે રૂપીયા જતા કરે છે. અને સત્યને દ્રઢપણે વળગી રહેશે. સાંસારિક લાભો જતા કરીને પણ સત્ય આચરવાની વૃત્તિ જાગે ત્યારે જ માનવ ધર્મને માર્ગે વિકાશ સાધી શકે છે.

(૧૦) અક્રોધ :–ધર્મમય જીવનનું છેલ્લું લક્ષણ છે–અક્રોધ માનવ જ્યારે વિકાસ સાધે છે. ત્યારે તે કષાયના સેવનથી મુકત બને છે. આ છે ધર્મમય જીવનના દશ લક્ષણો. ધાર્મિક ક્રિયા કરવાની સાથે આ લક્ષણો પ્રગટાવવા જોઇએ. કોઇ વ્યકિત ધાર્મિક ક્રિયા કરતી હોય. છતાં તેમના જીવનમાં આ લક્ષણો જોવામાં ન આવે તો સમજવું કે, તેમની સાધનામાં કયાંક ખામી રહેલી છે; તે ખામી શોધી કાઢીને તે દુર કરવા તેમણે પ્રયત્ન કરવો જોઇએ એક સમયે કેટલાક ચોબાઓ મથુરાથી સામે ગામ જવા માટે હોડીમાં બેઠા. રાત અંધારી હતી. અંધારામાં ને અંધારામાં તેઓએ હોડીને હલેસાં મારવા શરૂ કર્યાં. તેઓએ નશો કરેલો હતો. અને નશાના જોરમાં તેઓ હલેસાં મારી રહ્યા હતા. [ક્રમશ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No. Reg G BV-37

# અહિંસા

( અરે! દુનિયામ પ્રેમી કયાં, બધે મતલબની યારી છે. એ રાગ )

અરે ! દુનિયામાં અહિંસા કયાં, બધે હિંસા તો ભરેલી છે. અરે !
અહિંસક કોઈક સાચા, તેને મુક્તિ તો વરેલી છે. અરે !

આહાર, નિંદ્રા, ભય મૈથુન, હિંસા ત્રિલોક પ્રતાપ;
પાપ પૂન્ય પણ એમાં વસ્યા, કાળ અનાદી અમાપ.

**સાખી**

કયાં છે આત્મ અહિંસા, કયાં લોકે એ વસેલી છે. અરે ! ૨

હિંસા, અહિંસા ભેદમાં જગ જન ગોથા ખાય;
વ્યવહાર નિતિશાસ્ત્ર પંથે, વિવિધ વિરોધ દેખાય.

**સાખી**

કોની હિંસા અહિંસા, અહિંસા હિંસા ઠરેલી છે. અરે ! ૩

સુક્ષ્મ સ્થુળ જગ જન કરે, હિંસા અહિંસા કાર્ય;
મન વચકાય સંયોગમાં, નિવાર્ય ને અનિવાર્ય.

**સાખી**

ન પડે જુદી કયાં એ, તેથી મુક્તિ અટકેલી છે. અરે ! ૪

હિંસા સાધન સાધક કરે, આત્મ અહિંસા સાધ્ય;
ધ્યે ધ્યાતાને ધ્યાનમાં, વર્તે અહિં આ અબાધ્ય.

**સાખી**

એકૈવલ્ય અહિંસા, ચતુર મોક્ષે રહેલી છે. અરે ! ૫

લે. ચત્રભુજ જુઠ્ઠજીવનદાસ

---

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ. શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only